# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 15-06-2026** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : MONDAY** **National News**

આકાશવાણી સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

**************************************************

1. **પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે દેશના મધ્યમ વર્ગનું રાષ્ટ્ર નિર્માણમાં મહત્વનું યોગદાન.**
2. **કેન્દ્રીય નાણાં મંત્રી નિર્મલા સીતારમણે કહ્યું કે દેશમાં ખાદ્યાન્નનો પૂરતો બફર સ્ટોક.**
3. **વૈશ્વિક પડકારોની ચર્ચા સહિતના મુદ્દાઓ સાથે ફ્રાન્સમાં યોજાનારી જી-7 સમિટમાં આવતીકાલે પ્રધાનમંત્રી ઉપસ્થિત રહેશે.**
4. **આંતરરાષ્ટ્રીય યોગ દિવસનો મુખ્ય રાષ્ટ્રીય કાર્યક્રમ 21 જૂને કોલકાતામાં યોજાશે.**
5. **ઇરાન અને અમેરિકા વચ્ચેના કરારના અહેવાલ વચ્ચે શેરબજારમાં તેજી.**
6. **તુર્કીમાં યોજાયેલા તીરંદાજી વર્લ્ડ કપમાં આંધ્રપ્રદેશના તીરંદાજ ધીરજ બોમ્મદેવરાએ સુવર્ણ ચંદ્રક જીત્યો.**

..........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો...

# PM-MIDDLE CLASS

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું છે કે દેશના મધ્યમ વર્ગે રાષ્ટ્ર નિર્માણમાં મહત્વનું યોગદાન આપ્યું છે અને NDA સરકાર તેમની આકાંક્ષાઓને પૂર્ણ કરવા માટે કાર્યરત છે તેનો તેમને ગર્વ છે. સોશિયલ મીડિયા પોસ્ટમાં, શ્રી મોદીએ નોંધ્યું હતું કે છેલ્લા દાયકામાં, શાસન સામાન્ય નાગરિકોના જીવનની ગુણવત્તા સુધારવા પર વધુને વધુ ધ્યાન કેન્દ્રિત કરી રહ્યું છે. તેમણે ઉમેર્યું હતું કે સરકારના પ્રયાસો ,તકો, વધુ સારી માળખાગત સુવિધા, સુધારેલી જાહેર સેવાઓ, સસ્તી આરોગ્યસંભાળ, ગુણવત્તાયુક્ત શિક્ષણ, સ્વચ્છ શહેરો અને રોજિંદા જીવનમાં બોજ ઘટાડવા પર કેન્દ્રિત છે.

# SITHARAMAN-FOOD GRAINS

કેન્દ્રીય નાણાં મંત્રી નિર્મલા સીતારમણે કહ્યું છે કે દેશમાં ખાદ્યાન્નનો પૂરતો બફર સ્ટોક છે અને અલ નીનોની સ્થિતિની અસર છતાં ખાદ્યાન્નની કોઈ અછત રહેશે નહીં. આજે નવી દિલ્હીમાં માઇન્ડમાઇન સમિટમાં બોલતા, નાણાં મંત્રીએ જણાવ્યું હતું કે આ વર્ષે દક્ષિણ પશ્ચિમ ચોમાસામાં વરસાદ સામાન્ય કરતાં ઓછો રહેવાની ધારણા છે. તેમણે કહ્યું કે, ખરીફ પાકની મોસમ માટે પૂરતા પ્રમાણમાં ખાતર ઉપલબ્ધ છે. શ્રીમતી સીતારમણે વધુમાં માહિતી આપી હતી કે આગામી રવિ સિઝન માટે ખાતરનો પુરવઠો આ વર્ષે નવેમ્બરથી શરૂ થશે.

# G7 SUMMIT (WITH V/C)

ફ્રાન્સના શહેર એવિયનમાં  આજથી 52મી  G7 સમિટ યોજાશે. ફ્રાન્સ, યુનાઇટેડ કિંગડમ, જર્મની અને ઇટાલી સહિત G7 દેશોના નેતાઓએ અમેરિકા અને ઈરાને તેમના 107 દિવસના યુદ્ધને સમાપ્ત કરવા અને હોર્મુઝ સ્ટ્રેટને ફરીથી ખોલવા માટેના કરારને અંતિમ સ્વરૂપ આપતા આ કરારનું સ્વાગત કર્યું છે. એક સંયુક્ત નિવેદનમાં આ નેતાઓએ જણાવ્યું કે હોર્મુઝ સ્ટ્રેટને બિનશરતી અને અમર્યાદિત સ્વતંત્રતા સાથે તાત્કાલિક ફરીથી ખોલવું જરૂરી છે. દરમિયાન, ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઇમેન્યુઅલ મેક્રો આજથી G7 દેશોના નેતાઓનું ઔપચારિક સ્વાગત કરશે જેમાંઅમેરિકા, યુનાઇટેડ કિંગડમ, કેનેડા, જર્મની, ઇટાલી અને જાપાનનો સમાવેશ થાય છે, તેમજ યુરોપિયન કાઉન્સિલ અને યુરોપિયન કમિશનના પ્રમુખો પણ સામેલ થશે. ભારત, બ્રાઝિલ, દક્ષિણ કોરિયા, કેન્યા અને ઇજિપ્તને ભાગીદાર દેશો તરીકે સમિટમાં આમંત્રણ આપવામાં આવ્યું છે. યુક્રેન, કતાર અને સંયુક્ત આરબ અમીરાતને પણ સમિટ માટે આમંત્રણ આપવામાં આવ્યું છે.

સાંભળી એક અહેવાલ...

**[V/C- ANKIT]**

# SC-RAM MANDIR DONATIONS

સર્વોચ્ચ અદાલત સમક્ષ અયોધ્યામાં શ્રી રામ જન્મભૂમિ મંદિરમાં આપવામાં આવેલા દાન અને પ્રસાદના દુરુપયોગના આરોપો પર FIR નોંધવા અને અદાલતના - નિરીક્ષણ હેઠળ તપાસ કરવા માટે અરજી કરવામાં આવી છે. મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંતને સંબોધીને કરવામાં આવેલી આ અરજી એડવોકેટ-ઓન-રેકોર્ડ અનૂપ પ્રકાશ અવસ્થીએ દાખલ કરી છે જેમાં સર્વોચ્ચ અદાલતની સીધી દેખરેખ હેઠળ CBI જેવી અગ્રણી તપાસ એજન્સી દ્વારા સ્વતંત્ર તપાસનો આદેશ આપવા અપીલ કરવામાં આવી હતી. અરજીમાં કહેવામાં આવ્યું છે કે રામ મંદિર સાથે જોડાયેલા દાન ભંડોળના કથિત અનિયમિતતાઓ, દુરુપયોગ અથવા ચોરી થવાના તાજેતરના અહેવાલોએ ભારત અને વિદેશમાં ભક્તોમાં ચિંતા પેદા કરી છે. ન્યાયિક હસ્તક્ષેપની માંગ કરતી અરજીમાં સર્વોચ્ચ અદાલતની દેખરેખ હેઠળ સીબીઆઈ તપાસના  નિર્દેશ સહિત દાન કરાયેલા ભંડોળના સંગ્રહ, હિસાબ, કસ્ટડી, સંચાલન અને મંદિર દ્વારા પ્રાપ્ત દાનના વિતરણને લગતા તમામ પાસાઓની તપાસ કરવાની પણ માંગ કરવામાં આવી હતી.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

ડેસ્ક

# NITIN NABIN - 12 YEARS GOV

ભાજપ પ્રમુખ નીતિન નવીને આજે જણાવ્યું હતું કે છેલ્લા 12 વર્ષોમાં સરકારે દેશના મધ્યમ વર્ગને આર્થિક સુરક્ષા, સારી સુવિધાઓ અને નવી તકો સાથે સશક્ત બનાવવા માટે વ્યાપક ફેરફારો કર્યા છે. સોશિયલ મીડિયા પોસ્ટમાં, શ્રી નવીને સરકાર દ્વારા હાથ ધરવામાં આવેલી અનેક નીતિઓ પર પ્રકાશ પાડ્યો જેમાં આવકવેરા સુધારા દ્વારા કર રાહત અને GST દ્વારા કર પ્રણાલીમાં પારદર્શિતાનો સમાવેશ થાય છે. તેમણે ઉમેર્યું હતું કે ઉજ્જવલા યોજના, જળ જીવન મિશન અને સ્વચ્છ ભારત જેવી પહેલોએ નાગરિકો માટે મૂળભૂત જીવન સુવિધાઓ પણ સુલભ બનાવી છે.

શ્રી નવીને વધુમાં જણાવ્યું હતું કે પ્રધાનમંત્રી આવાસ યોજના જેવી યોજનાઓએ લોકોને આયુષ્માન ભારતથી ઘર અને આરોગ્ય સુરક્ષાના સ્વપ્નને સાકાર કરવાની તક આપી છે.

# YOGA DAY-JADHAV

કેન્દ્રીય આયુષ મંત્રી પ્રતાપરાવ જાધવે આજે જણાવ્યું હતું કે આંતરરાષ્ટ્રીય યોગ દિવસ 2026નો મુખ્ય રાષ્ટ્રીય કાર્યક્રમ 21 જૂને કોલકાતામાં યોજાશે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની ઉપસ્થિતીમાં આ ઉજવણી થશે. નવી દિલ્હીમાં આંતરરાષ્ટ્રીય યોગ દિવસ માટે પત્રકાર પરિષદને સંબોધતા મંત્રીએ નોંધ્યું હતું કે આંતરરાષ્ટ્રીય યોગ દિવસ 2026 ની થીમ "સ્વસ્થ વૃદ્ધત્વ માટે યોગ" છે, જે આધુનિક યુગના સૌથી મહત્વપૂર્ણ પડકારો માંનો એક છે. તેમણે ઉમેર્યું હતું કે યોગ લોકોને વૃદ્ધાવસ્થામાં સ્વસ્થ, સક્રિય, આત્મનિર્ભર અને માનસિક રીતે સ્વસ્થ જીવન જીવવામાં મદદ કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. મંત્રીએ ભાર મૂક્યો હતો કે 2014 માં સંયુક્ત રાષ્ટ્ર મહાસભા દ્વારા ભારતના પ્રસ્તાવને સમર્થન મળ્યા બાદ, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના દૂરંદેશી નેતૃત્વ હેઠળ યોગ એક વૈશ્વિક જન આંદોલન બન્યુ છે.. મંત્રીએ કહ્યું કે વિશ્વભરના લાખો લોકોએ હવે યોગને તેમના દૈનિક જીવનનો અભિન્ન ભાગ તરીકે અપનાવ્યો છે.

## (BYTE: JADHAV)

# STOCK

અમેરિકા અને ઇરાન વચ્ચેની યુધ્ધ વિરામની સંધિની શક્યતાઓ વચ્ચે વૈશ્વિક શેરબજારોમાં તેજીનો માહોલ સર્જાયો છે. ત્યારે ભારતીય શેરબજારમાં પણ સપ્તાહની શરૂઆત તેજી સાથે થઇ હતી.. મોટાભાગના શેરોમાં લેવાલીના પગલે ભારતીય શેરબજારનો સેન્સેક્સ સવારે એક હજાર બસો અને નિફ્ટી 350 અંક વધ્યો હતો. બીજા સત્ર સુધી આ તેજીનો માહોલ યથાવત રહ્યો હતો..

# JEWAR FLIGHT OPERATIONS

ઉત્તર પ્રદેશના જેવર ખાતે નોઇડા આંતરરાષ્ટ્રીય હવાઈ મથકે આજે વાણિજ્યિક વીમાન સેવા શરૂ થઈ. આ પ્રસંગે સંબોધન કરતાં કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન મંત્રી કિંજરાપુ નાયડુએ જણાવ્યું કે દેશમાં એરપોર્ટની સંખ્યા વધીને હાલમાં 165 થઈ ગઈ છે. તેમણે ઉમેર્યું કે છેલ્લા દાયકામાં એરપોર્ટ ઇન્ફ્રાસ્ટ્રક્ચરમાં એક લાખ ચાલીસ હજાર કરોડ રૂપિયાથી વધુનું રોકાણ કરવામાં આવ્યું છે.

# REV. IMD-WEATHER

આજે દિલ્હીના કેટલાક વિસ્તારમાં વાદળછાયા વાતાવરણ વચ્ચે હળવો વરસાદ થતાં ગરમીથી રાહત મળી છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર રાષ્ટ્રીય રાજધાનીમાં મહત્તમ તાપમાન 38 થી 40 ડિગ્રી સેલ્સિયસની આસપાસ જ્યારે લઘુત્તમ તાપમાન 25 થી 27 ડિગ્રી સેલ્સિયસની આસપાસ રહેશે. આગામી છ થી સાત દિવસ દરમિયાન ઉપ-હિમાલયી પશ્ચિમ બંગાળ, સિક્કિમ, અરુણાચલ પ્રદેશ અને આસામ, મેઘાલયમાં ભારેથી અતિ ભારે વરસાદની શક્યતા છે જ્યારે ઉત્તર પૂર્વ ભારત અને પશ્ચિમ બંગાળના કેટલાક ભાગોમાં આજે ભારે વરસાદ થવાની શક્યતા છે. હવામાન વિભાગે આજે દિલ્હી, હરિયાણા, ચંદીગઢ, પંજાબ, હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડમાં વીજળી અને તેજ પવન સાથે વાવાઝોડાની આગાહી કરી છે. દરમિયાન, મરાઠવાડામાં ગરમીની લહેર રહેવાની સંભાવના છે.

# ARCHERY - AP GOVERNOR

તુર્કીના અંતાલ્યામાં યોજાયેલા તીરંદાજી વર્લ્ડ કપમાં આંધ્રપ્રદેશના તીરંદાજ ધીરજ બોમ્મદેવરાએ પોતાનો પહેલો વ્યક્તિગત સુવર્ણ ચંદ્રક જીત્યો છે. રાજ્યપાલ એસ. અબ્દુલ નઝીરે રિકર્વ મિશ્ર ટીમ ઇવેન્ટમાં બીજો સુવર્ણ ચંદ્રક મેળવવા બદલ ધીરજ અને તેના સાથી ખેલાડીઓની અભિનંદન પાઠવ્યા છે. તેમણે યુવા તીરંદાજને આગામી વર્ષોમાં સતત સફળતા અને ઘણા વધુ ગૌરવ મળે તેવી શુભેચ્છા પાઠવી છે.